# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા : ૩/૧૨/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. **સેક્રેટરી**)

---

# 'કોવિડ પાર્ટ ૨'ની જનજાગૃતિ માટે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા 'કોવિડ પાર્ટ ૨'ની જનજાગૃતિ માટે બુધવારે, તા. ૨ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ડો. મુકુર પેટ્રોલવાલાએ કોવિડ– ૧૯ની વર્તમાન પરિસ્થિતિ, ડો. પારૂલ વડગામાએ કોરોના પછીના ઇશ્યુઓ (તપાસ અને સારવાર) તથા ડો. પ્રતિક સાવજે કોવિડની રસી વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ડો. મુકુર પેટ્રોલવાલાએ જણાવ્યું હતું કે, કોવિડ– ૧૯ની પરિસ્થિતિમાં અત્યાર સુધી એક તથ્ય બહાર આવ્યું છે કે કોરોના કોઇને પણ થઇ શકે છે. જો કે, ડાયાબિટીસ, બ્લડપ્રેશર અને હૃદયની બિમારીવાળા વ્યકિતના કોરોનાને કારણે મૃત્યુદર વધારે જોવા મળે છે. કોરોના, કોઇપણ વ્યકિતને બીજી વખત પણ થઇ શકે છે. આ વાયરસ ડ્રોપલેટ્સ ટ્રાન્સમીશનને કારણે ફેલાય છે. બોલવામાં, હસવામાં, છીંકવામાં કે ખાંસવામાં મોઢામાંથી નીકળતા ડ્રોપલેટ્સથી અન્યોને ચેપ લાગે છે. કોરોનાના ચેપથી બચવા માટે સોશિયલ ડિસ્ટન્સ, માસ્ક અને હેન્ડ સેનીટાઇઝર અતિ આવશ્યક બન્યું છે.

તેમણે વધુમાં કહયું હતું કે, કોરોનાને કારણે હેલ્થકેર સુવિધા અપડેટ થઇ છે. સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં સારવારની વધુ સગવડ ઉભી કરવામાં આવી છે. હોસ્પિટલોમાં વેન્ટીલેટરની સંખ્યા પણ વધી ગઇ છે. કોરોના માટેના બધા જ ટેસ્ટ પણ હવે અવેલેબલ થઇ ગયા છે. તેમણે કહયું કે સ્પેન અને ઇટાલી જેવા

દેશોમાં કોરોના સેકન્ડ વેવમાં પણ દેખાયો છે. ભારત તથા અન્ય દેશોના લોકોમાં એન્ટી બોડીનું પ્રમાણ વધારે જોવા મળ્યું નથી.

ડો. પ્રતિક સાવજે કોરોનાની રસી વિશે માહિતી આપી હતી. તેમણે કહયું હતું કે, વિશ્વભરમાં અત્યાર સુધીમાં ૧૪.૮૮ લાખ લોકોના કોરોનાને કારણે મોત થયા છે. વેકસીન બનાવવા માટે આઠથી દસ મહિનાનો સમય લાગે છે. યુકેની ઓકસફર્ડ એકસ્ટ્રાએ મોલ્યુકેર ડેવલપ કરીને ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડિયાને આપી દીધું છે. ભારતમાં બાયોટેક, આઇ.સી.એમ.આર. અને ઝાયડસ કંપની દ્વારા વેકસીન બનાવવામાં આવશે. માઇનસ ૭૦ ડીગ્રીમાં વેકસીનને સ્ટોર કરવી પડે છે અને ભારતમાં એવી ફેસિલીટી છે, પરંતુ આ વેકસીન ભારતમાં કયારે આવશે તે હાલ ચોકકસપણે કહી શકાતું નથી.

તેમણે વધુમાં કહયું હતું કે, ભારતના તમામ લોકો વેકસીન લઇ શકે તે માટેના પ્રયાસ કરવામાં આવી રહયા છે. વેકસીનનો એક ડોઝ ૫૦૦ રૂપિયામાં આવશે તો દરેકને બે ડોઝ વેકસીનના લેવાના રહેશે. જૂન – જુલાઇ ૨૦૨૧ સુધીમાં ભારત પાસે વેકસીન પહોંચી શકે એવી આશા અત્યારે વ્યકત કરવામાં આવી રહી છે. વેકસીન સૌથી સુરક્ષિત દવા છે. આથી વેકસીન આવ્યા બાદ લોકોએ તેને લેવી જોઇએ. કોરોના વોરીયર્સ – હેલ્થકેર વર્કર્સને સૌથી પહેલા વેકસીન આપવામાં આવશે.

ડો. પારૂલ વડગામાએ જણાવ્યું હતું કે, સિટી સ્કેનમાં મોટા ભાગે ચોથા કે પાંચમા દિવસે કોરોનાના લક્ષણો દેખાતા હોય છે. ફેફસામાં ૫૦ ટકાથી વધારે અફેકટેડ હોય એવા દર્દીઓમાં ઓકસીનનું પ્રમાણ ઘટે છે. થોડું ચાલે એટલે તેમને થાક લાગે છે. શરીરના સ્નાયુમાં સોજો પણ આવી જાય છે. આવા દર્દીઓમાં પલ્મોનરી ફાઇબ્રોસિસને વધતા અટકાવવા માટે કયારેક સ્ટીરોઇડ પણ આપવામાં આવે છે. કોવિડના દર્દીઓ સ્વસ્થ થઇ ગયા બાદ પણ માથુ દુઃખવાની ફરિયાદ કરતા હોય છે. કેટલાક દર્દીઓની મેમરી ઓછી થઇ જાય છે. જ્યારે કેટલાકને કોવિડ પછી ખેંચ આવવાની પણ શકયતા હોય છે.

ડો. સમીર ગામી દ્વારા કોરોનાના સામાન્ય લક્ષણો, ટેસ્ટીગ અને તેની સારવાર માટે આપવામાં આવેલા મુદ્દાઓ પણ વેબિનારમાં રજૂ કરવામાં આવ્યા હતા.

ચેમ્બરના ઉપપ્રમુખ આશિષ ગુજરાતીએ વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ સમગ્ર વેબિનારનું સંચાલન કર્યું હતું.